હું અહીં વ્યક્ત થાઉં...
અથાણાથી અધ્યાત્મ સુધી.

એમાં મારો આનંદ, મારો અણગમો,
મારું મનમંથન, મારી ઉદાસી,
મારો ગુસ્સો, મારો કટાક્ષ,
મારું અવલોકન, મારો અભિપ્રાય હોય.
એ બધું મારું છે.

મારા મનમાંથી આવ્યું છે.
એ મારો કોઈ ચિરકાલીન ભાવ પણ હોય
ને તત્કાલીન, અલ્પકાલીન પ્રતિભાવ પણ હોય.

હું કાર્યક્રમોમાં જાઉં.
હું પ્રવાસમાં ફરું.
હું નિરુદ્દેશ રખડું.
હું ગંભીર બેઠકમાં જાઉં.

હું મારા પરિવાર સાથે હોઉં.
હું નાનકડી પૌત્રીનો ઘોડો થાઉં.
હું મિત્રો સાથે જલસા કરું.
હું મારા ઘરમાં હીંચકે ઝૂલતો હોઉં.
એ સઘળે ઠેકાણે હું જ હોઉં છું...
હુંનો હું જ... પણ જુદો જુદો હોઉં છું.

મારી દૃષ્ટિનો લેન્સ સતત એક ખૂણે જ ફિટ ન રહે.
એકધાર્યા એના એ જ રહેવાનો મને તો થાક લાગે.
કૅલિડોસ્કૉપ જેવું જ કૈં.
નિત્યનૂતના રહેવાય તો રહેવું ગમે, મને.
અભાવ મારો સ્વભાવ બની જાય તે પહેલાં ચેતી જાઉં છું
જગત સુધારવા કરતાં સ્વીકારવા જેટલી કેળવી છે મારી લાયકાત.

■

સમય જતાં એક છબી ઘડાઈ જાય છે આપણી. અલબત્ત, એ ઘડાવામાં આપણેય જવાબદાર તો ખરા જ. આપણે અમુક બાબતો વિષે અમુક રીતે જ પ્રતિભાવ કે પ્રત્યાઘાત આપતા રહ્યા. આપણા અણગમા વાચાળ. આપણા મનગમાય બોલકા. પરિણામે એને આધારે જ પૂર્વધારણા થાય છે આપણાં વાણી વર્તન વ્યવહારની. ને પછી આપણે એને અનુરૂપ જ વર્તવું પડે છે. લોકો આપણને આપણી છબી બદલવા નથી દેતા.

પણ એમ તે કેમ ચાલે?

પસંદ–નાપસંદ બદલાય પણ ખરી.
સંજોગ બદલાય. સ્વભાવ બદલાય.
ભૂલ સમજાય ને કબૂલાય, તો સુધારીય શકાય.

પણ, આપણા એક સમયના અણગમાની ફ્રેમમાંથી
બહાર જ નથી આવવા દેવાતો
આપણા જૂના પ્રતિભાવનો ફોટો.

હું એનો એ જ...
પરંતુ કોઈક વાર ઝભ્ભો પહેરું છું.
કોઈક વાર સૂટ તો કોઈ વાર ધોતી...
કોઈક વાર ટ્રૅક પેન્ટ ને ક્યારેક શૉર્ટ્સ.
હું બદલતો રહું છું મારાં વસ્ત્રો.
એ બદલે છે મારો દેખાવ, પ્રસંગાનુસાર.
ને મને ગમે છે એ.

કોઈક એક જ રૂપમાં દરેક ક્ષણે
એકધારા એના એ જ લાગ્યા કરવાનું મને ન ગમે.

એટલા ગરીબ ન બનવું કે
તમારા વિષે પૂર્વધારણા થાય ને
તમે પણ એને અનુસરતા જ રહો.

■

બહુ મજાનું હોય છે ઘર.
બહુ મજા પડે છે ઘરનાં લોકો સાથે જીવવાની.

બધું જ કૈં ગમતું ગમતું થાય એવું નહીં.
બધું જ કૈં અણગમતું થાય એવુંય નહીં.
ગમતું કે અણગમતું થાય અને કહેવાય એવુંય નહીં.

ઘર અને ઘરનાં સાથે
સંવાદની ભાષા ને રીત જુદાં જ હોય.

તો જરૂર થાય પ્રત્યાયન.
I mean communication.

ગૅલેરીમાં ઠીબ લટકે છે.

આંગણું હવે પાર્કિંગ પ્લૉટ છે. છોકરાંઓને રમવું હોય તોય જગ્યા નથી. હા, મોટેરાં પ્રસંગ ઊજવવા માંગે ત્યારે જગ્યા થઈ જાય છે! પણ પંખી લગભગ તો આવવાનું ટાળે છે. આંગણાનાં વૃક્ષ પરથી ઊડીને ગૅલેરીમાં આવે છે. એમની આ મહેનત નિષ્ફળ ન જાય એટલે ઠીબ અહીં ખુલ્લામાં રાખી છે.

પંખીનું વૈવિધ્ય છે.
સાવ ઝીણકી અમથી ચકલી જેવાં ય આવે છે.
પ્રયત્ન કરું તો નામ તો જાણી લઉં પણ બીજો પરિચય નથી.
અજાણ્યાંની સાથે સાથે જે આવે છે
એમાંથી કેટલાંકને ઓળખું પણ છું,
કેટલાંક ધીમે ધીમે ઓળખાય છે.
પેલા દિવાળી ઘોડો જેવાં વળી એના સમયે ડોકાય તો
કબૂતર રોજ આવે... પડ્યાં ને પાથર્યાં... ગંદકીય કરે,
પણ નિયમિત ખરાં.
ચકલીઓ દેખાતી નથી, એમની જગ્યા ખિસકોલાંએ લીધી છે.
વાંસના પરદામાં ઘર બનાવે છે.
સામે ચેનલના તાર પર પોપટ બેસે છે.
જુએ છે પણ આવતા નથી. કદાચ એમને ઠીબમાં રસ નથી.
કદાચ મને ખબર ન હોય એમ સવારે આવતા પણ હોય.

કાબર સવારે આવે.
કાબરની કલબલ કર્કશ નથી,
એ અમથી બદનામ છે.
હોલાનું ઘૂ ઘૂ અમારી બપોરની કંપની.
તો કાગડા સવારે આવીને ગૅલેરીની પાળે બેસીને બોલે,
પણ રોજ તો મહેમાન કોણ આવે?
હવે તો મોબાઇલ ફોન પર જ વાત કરી લે બધા.
ને પૂછ્યા કહ્યા વગર કોઈ ન આવે.

મોર બાજુના ઘરનાં આંગણમાં આવે છે,
ગૅલેરી સુધી તો ક્યાંથી આવે?

આમ તો એક સમળી પણ પેધી પડી છે.
એને ખબર પડી ગઈ છે કે અમે ઘરમાં પણ પંખી પાળ્યાં છે.
એમને એ ડરાવવામાં સફળ થાય છે.
કાગડો પણ એનો સાથી છે,
પણ બંને અંતર જાળવે છે એકમેકથી.
લેલાંને અમે સેવન સિસ્ટર્સ કહીએ છીએ.

શિયાળામાં આવતાં પંખીમાં
કેટલાંક પરદેશી પંખી હોય એવુંય સાંભળ્યું છે.
પંખીમાં ભેદભાવ તો ન કરું પણ
આટલે દૂરથી આવ્યાં હોય તો
વિશેષ આદરનાં અધિકારી પણ ગણું.

બધાંનો પરિચિય પણ નથી.
પણ કેટલાંક મીઠું ટહુકે
તો કેટલાંકનો અવાજ કાનને વાગે એવોય છે.
કેટલાંકનો કલબલાટ અકળાવે, પણ શાંત ન પડે.
અંદર અંદર વાતે વળગે છે સેવન સિસ્ટર્સ.
એમાં કોઈ બ્રધર પણ હશે કે?

પંખીડાં ઠીબ પાસે આવીને
મને ગમતા અવાજ પણ કરે ને કાનને વાગતા અવાજ પણ કરે.
ઠીબ ભલે મારી છે પણ અવાજ એમના છે. એમની ઇચ્છા.
હું ઠીબ દૂર કરી દઉં તો અણગમતા અવાજ જાય,
પણ તો પછી બીજા અવાજ પણ શાંત થઈ જાય.

ઠીબ છે તો બધાં છે ને બધું છે.
ઠીબ જાણે આમંત્રણ છે ને પંખી મહેમાન.

■

મોમ : ખાતી વખતે અવાજ ન થવો જોઈએ.
દાદી : ખાતી નહીં, જમતી...

બે પેઢી વચ્ચે કેવળ શબ્દપસંદગી બાબતે જ નહીં,
ટેવ બાબતે પણ અભિપ્રાયભેદ છે.

ડૅડ : બેટા સ્પૂનથી દાળ પીવાની, ઢોળાવી ન જોઈએ.
દાદા : અમે તો હાથથી જ સબડકો તાણતા, પણ ઢોળાતું નહીં.

હજી કદાચ ટેબલ મેનર્સને લગતી આટલી અસંમતિ ભરી વાતો
પણ થાય એવી છેલ્લી પેઢી છે. પછી કદાચ એય નહીં થાય.
વડીલો બદલાયાં હશે. સંતાનો મોટાં થયા હશે. અને સાથે
જમવાની અનુકૂળતા પણ ઓછી રહી હશે.
'સાથે રમશું, સાથે જમશું'
એ સુવિચાર તરીકે પણ ન હોય એમ બને.

આજે હજી વૅકેશનમાં આ બે પેઢી વચ્ચે
ત્રીજી પેઢીના ઉછેર બાબતે સંઘર્ષ તો થાય છે!
પાટલે બેસી જમનારા ટેબલની ટેવ પાડી ચૂક્યા છે
પણ જમવાની પદ્ધતિમાં હજી પૂરો બદલાવ નથી આવ્યો.
'પાટલે બેસી નાહ્યો...' સાંભળનારા માટે
એનો અર્થ શાવર નીચે વહી જાય છે.
સમય બદલાઈ રહ્યો છે.
બદલાતો તો હોય જ પણ
થોડો ઝડપથી બદલાતો હોય એવું કાં લાગે?
કે અમારા દાદાજી અને
અમારા પપ્પાને પણ એવું જ લાગતું હશે?

■

આજે એક શાળામાં જવાનું થયું.
શાળા છૂટવાના સમયે નાનાં ભૂલકાં ને એમને લેવા આવેલાં
વાલીઓનું વ્યવસ્થાપન અઘરું છે.
બંને પક્ષે ઉતાવળ હોય છે.
થોડાક કલાકનો વિરહ પણ બંનેને વ્યાકુળ કરે છે.
ગમે તેટલી સુવિધાપૂર્ણ શાળા હોય ને
પોતાનું ઘર ભલે ને સાધારણ હોય,
નાનું બાળક પોતાનાં માબાપ પાસે જવા,
ઘેર પહોંચવા આતુર હોય છે.
માબાપનેય એને મળવાની ઉત્કટતા હોય છે.

માબાપની મજા છે...
પહેલાં બાળકને શાળામાં મૂકવા એ ભારે ઉતાવળાં થાય છે.
સારી શાળામાં પ્રવેશ મેળવવા જે શક્ય હોય તે કરે છે.
કોઈ ઓળખાણ શોધે છે,
ઇન્ટરવ્યૂ આપે છે ને ઊંચી ફીય ચૂકવે છે.
પ્રવેશ મળે ત્યારે જંગ જીત્યા પછીની હાશનો અનુભવ કરે છે.
ઘરમાં તોફાન કરતું બાળક શાળાએ જાય
ત્યારે માબાપ નિરાંતનો શ્વાસ લે છે.
પણ, પછી બાળકની રાહ જોવા લાગે છે!
વહેલુંમોડું થાય તો જીવ ઊંચો થઈ જાય છે.

આજે શાળાને દરવાજે
પોતાના કાળજાના ટુકડાને લેવા આવતાં
નવાં નવાં ડૅડ-મૉમનાં દર્શન કર્યાં.
હવે બંને આ જવાબદારી વહેંચે છે.
ક્યાંક સાથે મળીને આનંદે છે.
કેટકેટલાં સપનાં હોય છે એમની આંખોમાં!

શાળાએ આવતી વખતે અને ઘેર જતી વખતે
બાળકનાં ચહેરા ને ચરણ જુદું જ કહેતાં હોય છે.

શાળામાં જતી વખતે રોતાં સંતાનને મૂકવા જવું
એ પિતાની શક્તિ બહારની વાત છે.
આ કામ કેવળ માતા જ કરી શકે.

શાળાના દરવાનોને જાતભાતના અનુભવ થાય છે. ક્યાંક પોતાની
મોટાઈનું વરવું પ્રદર્શન કરતાં માબાપ પણ હોય.
એ વાહન પાર્ક કરવામાં
સહયોગ આપવામાં નાનમ સમજે છે ને
દરવાન સાથે દલીલ કરે છે.
તો વળી કોઈક અત્યન્ત સરળ માબાપ
તમામ સૂચનાને અનુકૂળ થાય છે.
બાળકોની સલામતી અને ટ્રાફિકની સરળતા માટે
શાળાએ કરેલા નિયમો સહુના હિતમાં હોય છે.

માબાપની આંગળીએ વળગેલું બાળક આંખ ઠારે છે.
એનું દફ્તર ઊંચકી લેતી મા એને ઘરકામ વિષે પૂછે છે
ને પિતા એને તેડીને વહાલ વરસાવે છે.
બાળકને મૉમ-ડૅડ પાસે હોય ત્યારે
શાળા અને શિક્ષકોને જરાય યાદ નથી કરવા હોતા.
ટુ વ્હિલર ચલાવતાં માતા કેટલાય સવાલો પૂછે છે
ને બાળક આસપાસ નજર દોડાવતાં ઝોકુંય ખાઈ લે છે.
આ દૃશ્ય મને ડરાવે છે.
પણ એમની એ વિવશતા ને અનિવાર્યતા હોય છે.

નવાં નવાં મૉમ-ડૅડની આંગળીએ વળગીને
શાળાએ જતાં બાળકને જોઉં છું ત્યારે
મનમાં મલકાઉં છું...
કેવાં કેવાં સપનાં હશે એમનાં ને
કેવું ભાવિ હશે એ ભૂલકાંનું!
પરમાત્મા સહુને પ્રસન્ન રાખે!

■

Well, what is like... to be parent?
I mean, define word 'Parent'.

શ્રોતાઓ ક્યારેક ખરેખર ધ્યાન દઈને સાંભળતા હોય છે ને
ગંભીરતાપૂર્વક પૂછતા હોય છે.
સંબંધોમાં વરતાતી કટોકટી – crisis in relationships –
પર વક્તવ્ય આપવા જવાનું થાય છે.
માતાપિતા parenting વિષે સવાલ કરે છે.
મને ગમે છે.
કેવળ મનરંજનના કાર્યક્રમોને બદલે
જ્ઞાતિમંડળો અને સામાજિક સંસ્થાઓએ વર્ષમાં બેત્રણ કાર્યક્રમ
વક્તવ્યોના રાખવા જોઈએ.

કેવળ સલાહસૂચના કોઈને ગમતી નથી એ સાચું
પણ સલાહ આપે એવું કોઈ હવે એમની પાસે રહ્યું પણ ક્યાં છે?
પરિણામે યુવાન યુગલો ઘણીવાર ગૂંચવાય છે.
અટવાય છે. અકળાય છે. ઉશ્કેરાય છે.

સવાલ પૂછનાર માતા હતી ને પિતા બાજુમાં જ ઊભા હતા.
યુવાન યુગલ બાળઉછેરની બાબતે મૂંઝવણમાં હતું.
હવેના સમાજમાં આ સવાલ વધ્યો છે.
બાળઉછેરની મનોમન તૈયાર કરેલી Blue printને
સાકાર કરવામાં આવતાં વ્યવધાન,
બાળકોની માગણી ને એ બાબતના હઠાગ્રહ,
બાળકો માટે ફળવાતો નહિવત્ સમય,
સમય બાબતે પણ વારા રાખવાના પ્રશ્નો,
પરિણામે બાળકને વહાલને બદલે
વસ્તુથી રાજી રાખવાના પ્રયાસ
ને બાળકો દ્વારા માબાપની આ મર્યાદાનો દુરુપયોગ.

યુગલને જાણવું હતું કે આ parent શબ્દની વ્યાખ્યા શું?
એમાં શું શું આવે?
(ને કોણ શું કરે એ પણ, પણ એ અધ્યાહાર રાખેલું!)

મેં કહ્યું, માબાપ એટલે રાહ જોનાર.
જેણે સદાય વાટ જોવાની છે એ માબાપ છે.
એમની આ રાહનો અંત નથી.
એક પૂરી થાય તો બીજી શરૂ.
કેટલીક રાહ જોવી ગમે,
કેટલીક ઉચાટ કરાવે.
કેટલીક રોમાંચિત કરે,
કેટલીક ચિંતિત.
પણ રાહ જોવાનું કદી અટકે નહીં.

જેની આમ સતત વાટ જોવાની તૈયારી હોય
એણે જ માબાપ બનાય.

એ ન હોય તો
તમે ને સંતાન બંને
એકમેકને દુઃખી કરવાનાં
ને દુઃખી થવાનાં.

કાલે તમારાં માબાપે તમારી જોયેલી,
આજે તમે તમારા સંતાનની જુઓ ને
આવતીકાલે એ એમના સંતાનની જોશે.

પૂર્વ હોય કે પશ્ચિમ,
સમય ભલે બદલાય,
સ્થળ ભલે બદલાય કેટલાંક સંવેદન શાશ્વત છે.

ને જો રાહ જોવાની જ છે તો
વહાલ છલકતી આંખે જ કેમ ન જોઈએ?

■

બાળઉછેર અને આજકાલ જેને માટે Parenting શબ્દ પ્રચારમાં છે એ બંનેના ફેરને સમજવા જેવો છે.

બાળઉછેર એ ગઈકાલનો વિષય હતો ને
આ Parenting આજનો.
ગઈકાલે કેન્દ્રમાં 'બાળક' હતું,
આજે parent છે. આ ફેર છે ને એ બહુ જ સૂચક છે.

વક્તા તરીકે પ્રવચન કરવા એક વાત છે
પણ એક પિતા તરીકે એને સીધું સંવેદન અનુભવવું એ બીજી.
હું જોઉં છું કે આજના આ સ્વકેન્દ્રી જીવનમાં
માતાપિતા સંતાનને ચાહે તો છે જ પણ
એમના અગ્રતાક્રમમાં એ પોતે છે.
બદલાયેલા સમાજમાં એમ હોય એ પણ ખોટું નથી પણ
એને કારણે સંતાન પ્રત્યેનું એમનું વલણ બદલાયું છે.

એ લોકો બાળઉછેરને બાળઘડતર સમજે છે.
એમને લાગે છે કે એમને મળેલું બાળક
એમણે એમની માન્યતાનુસાર ઘડવાનું છે.
એમને બાળકને as per design તૈયાર કરવું છે.
એમને મન આ 'મીંડા જોડી રંગ પૂરો'ની રમત છે!

એ માને છે કે બાળક અધૂરું છે ને
એમને પૂરું કરવા મળ્યું છે.
એનામાં ઘણું ખૂટે છે ને
એમને એ Perfect કરવા મળ્યું છે.

મને સતત એવું લાગે છે કે
આજે Emotionનો E બાજુ પર હડસેલાતો જાય છે
ને Educationનો E મહિમાવંત બનતો જાય છે.
શિક્ષણ અગત્યનું છે જ,
પણ ઊર્મિ કે લાગણીશીલતાથી વધુ નહીં.
વ્યક્તિની માણસ તરીકેની ઓળખ
શિક્ષણથી નહીં લાગણીસભર વર્તનથી જ રચાય છે ને
એ જ જીવનમાં ઉપયોગી થાય છે ને
જીવન બાદ પણ એ જ હૈયે સુગંધાય છે –
શૈક્ષણિક યોગ્યતાનાં પ્રમાણપત્રો ભીંતે ટીંગાય છે.

બાળકને આવું લાગણીસભર જીવતાં શીખવવું હશે તો
તમારે પણ એની સાથે લાગણીસભર વર્તન કરવું પડશે.
એ તમને છીણી હથોડી સાથેના કસબી કારીગર તરીકે
જોવા નથી માંગતું.
એ તો ઝંખે છે તમારું સહિયારું પ્રેમાળ સાન્નિધ્ય
જેમાં એનો પૂર્ણ મહિમા હોય,
જેના કેન્દ્રમાં એ હોય.
એને સ્વમાં વહેંચાયેલા વાલી નથી જોઈતાં,
Total and complete and
Only for him or her જોઈએ છે.
એને તમારી instructions નહીં,
તમારાં સહિયારાં સ્નેહાળ Hugs જોઈએ છે.

બાળઉછેરનું મહત્ત્વ ભુલાયું છે ને
Parenting વડે માબાપનું માર્ગદર્શન મહત્ત્વનું બન્યું છે
ત્યારે હું એટલું કહું કે Education કરતાં Emotionનો
E વધુ મહત્ત્વનો છે.

■

આપણે પ્રતિ વર્ષ જીવીએ છીએ કૅલેન્ડર.
ઋતુ-પલટા, પર્વો, ઉત્સવો–
સઘળું આવે ને જાય; જિવાય; ઊજવાય.

પરંતુ એ વિષે સહેજ વિચારીએ તો સમજાશે કે
આ ઉજવણી કેટલીકવાર ઔપચારિક હોય છે.
કેટલીક ઉજવણી સામાજિક પરંપરારૂપ હોય છે.
તો વળી કેટલીક ઉજવણી પરિવારની વિશેષતા જેવીય હોય છે.
એનીય પરંપરા બની ગઈ હોય છે.
એની પદ્ધતિ ને રીતરસમ પણ સમય જતાં દૃઢ થઈ જાય છે
ને પછી એ ઉજવણી એ જ રીતે થાય છે.
એ જ વાનગીઓ બને છે. ને વસ્ત્રો પણ પહેરાય છે.

નોંધવા જેવી વાત એ પણ છે કે
આ ઉજવણીના સ્વાદ સાથે
કેટલીક યાદ પણ જોડાયેલી હોય છે.

અલબત્ત,
આવી યાદ અન્ય સમયે આવતી જ નથી એવું નથી
પણ આવા પ્રસંગે તો એ અચૂક આવે છે.
એનું કારણ એની સાથે જોડાયેલા સંદર્ભ હોય છે.

જેમ કે મારી મમ્મી મોહનથાળ સરસ બનાવતી.
દિવાળીની એ મીઠાઈ મમ્મીની મીઠી યાદ બની ગઈ છે.
પપ્પા ઉતરાણમાં ગૂંચવાયેલી કાચ પાયેલી દોરીને
પલાળી કાચ દૂર કરતા ને વીંટી રાખતા.
હવે એ સ્મરણ ઉતરાણે તાજું થાય છે ને
કોઈ જીવનગૂંચ સમયે પણ.

આવા પારિવારિક પાત્ર કે અન્ય અલ્પ કે અપરિચિતોનીય
કોઈ બાબત યાદ રહી જતી હોય છે ને
સંદર્ભ રચાય ત્યારે યાદ આવે છે.

કેટલીક વાર જે તે સમયે એ વાત બહુ મહત્ત્વની નથી હોતી.
ને એટલે યાદ પણ નથી રહેતી.
પણ સમય જતાં સારા માઠા સંજોગ રચાય ત્યારે
એ જ વાત એમ યાદ બની ઊભરાય કે નવાઈ લાગે કે
શું આપણને એ આટલી યાદ રહી ગઈ હતી?

સ્મરણને અનુસંધાન હોય છે ને એ આવા પ્રસંગે સમજાય છે.
જિવાતા જીવનમાં, પસાર થતા કૅલેન્ડરીય દિવસોમાં
કેટલાક પર્વ, ઋતુ કે પારિવારિક કે અંગત લાગણીના
કોઈ સંદર્ભે એ સ્મરણ જાગી ઊઠે છે.
ક્યારેક એ અન્યને તો ક્યારેક કેવળ
તમને જ પરિચિત હોય છે.
સાચે જ અનુસંધાન જ અર્થ આપે છે
આપણા અસ્તિત્વને.

■

ઊંઘ ન આવવાનાં કારણ ઘણાં છે –
યાદ આવે એટલેય ઊંઘ ન આવતી હોય એમ બને,
ને યાદ ન આવતું હોય તો પણ ઊંઘ ન આવે એવું બને.

ઊંઘ ન આવવી એ એક વાત છે ને
ઊંઘ ઊડી જવી એ બીજી.
પણ એમાં પણ જવાબદાર તો આ બે જ કારણ,
યાદનું આવવું ને યાદ ન આવવું.

ઉંમર વધે એમ ઊંઘ ઓછી થાય એવું નથી.
ઉંમર વધે ત્યારે રાતની ઊંઘ ઓછી થાય,
પણ એ બપોરની વામકુક્ષિરૂપે ભરપાઈ થઈ જાય.

સવાલ સપનાંનો છે.
ઊંઘ આવે તો સપનાં આવે.
ઊંઘ જ ન આવે – બેમાંથી કોઈ પણ કારણે –
તો પણ સપનાં ન આવે.
પણ સપનાં વયનાં ઓશિયાળાં નથી.
કોઈ પણ વયે સપનાં તો આવે જ.
સારાં આવે, ખરાબ આવે,
મનગમતાં આવે, ન ગમતાંય આવે.
સપનાં આપણા હાથની વાત નથી,
સપનાં આપણી આંખનીય વાત નથી.

આંખ બંધ હોય તો સપનાં આવે,
પણ આંખ બંધ હોય તો
સપનાં આવતાં ક્યાંથી હશે?
હૈયું સપનાં જુએ? ના.

સપનાં જુએ આપણું મન.
મન પાસે સ્મૃતિ છે.
મન યાદ રાખે છે.
મન યાદ કરે છે.
મનને યાદ રહે છે.
મનને યાદ આવે છે.
મન ગણતરીબાજ છે.

હૈયું ગણતું નથી.
હૈયું ગાંઠે નથી બાંધતું.
ભૂલી જાય છે, ફરી છેતરાવા તૈયાર હોય છે.
મન ગણિત માંડે છે.
નફોનુકસાન, લાભખોટનો હિસાબ માંડે છે.
મન ચોપડા રાખે છે.
હૈયું પાટીપેન રાખે છે,
ભૂંસવું ને ભૂલવું એને સહજ છે.

ઊંઘ ન આવવાનું કારણ મન છે.
ઊંઘવા ન દેનારું મન છે.
મનને યાદ આવે છે. મન યાદ કરે છે.

ઊંઘ આવતી નથી.
સપનાં આવશે નહીં
અને યાદ.....?!
न जाने ।

■